સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

સમય સંદેશ કાર્યાલય

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણદ - ૦૧ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

કોઇ પણ કાર્ય ત્યાં સુધી અસંભવ લાગે છે, જયાં સુધી એ કાર્ય કરવામાં ન આવે!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૫૫ ● તારીખઃ ૧૩.૦૮.૨૦૨૬, ગુરૂવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# કોકરોચ દીપકે ફરી ભાજપનું નાક દબાવશેઃ 'જંતર-મંતર સીઝન-૨'ની જાહેરાત

## યુવાનોથી ડરીને મીટિંગ માટે જગ્યા ન આપવા દબાણ કરાયાનો દાવો, દિલ્હી પોલીસની કામગીરી સામે પણ ઉઠ્યા સવાલો



**સમય સંદેશઃ નવીદિલ્હી**

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે દિલ્હી ખાતે મીડિયા સાથેની વાતચીતમાં એક મહત્વપૂર્ણ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા પર સમર્થકો દ્વારા સતત પૂછવામાં આવી રહેલા પ્રશ્નનો ઉત્તર આપતાં તેઓ ટૂંક સમયમાં જ 'જંતર-મંતર સીઝન-૨' લઈને આવી રહ્યા છે. આ જાહેરાત સાથે જ તેમણે દિલ્હીમાં પોતાની પાર્ટીના કાર્યક્રમ માટે હોલ ઉપલબ્ધ ન થવા બદલ રાજકીય ઘમાસાણ પણ સર્જ્યું હતું.

અભિજીત દીપકે દિલ્હીમાં CJPની વોલન્ટિયર્સ મીટ યોજવા માટેની તૈયારી કરી હતી, પરંતુ આ ઈન્ડોર બેઠક માટે તેમને ક્યાંય હોલ મળ્યો નહોતો અને એક જગ્યાએ થયેલું બુકિંગ પણ છેલ્લી ઘડીએ રદ કરાયું હતું. આ મુદ્દે ભારતીય જનતા પાર્ટી પર નિશાન સાધતાં તેમણે આક્ષેપ કર્યો હતો કે, ૧૦ જેટલી જગ્યાઓએ તપાસ કરવા છતાં 'ઉપરથી દબાણ' હોવાનું કહી હોલ આપવાની ના પાડવામાં આવી હતી. તેમણે ઉમેર્યું કે ભાજપ દેશના યુવાનોથી ડરી રહી છે, પરંતુ આવી ધમકીઓથી તેમની પાર્ટી પાછળ નહીં હટે. આ વિવાદ દરમિયાન CJPના પ્રવક્તા આશુતોષ રાંકાએ પણ દિલ્હી પોલીસની ભૂમિકા સામે પ્રશ્નો ખડા કર્યા હતા. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ક્યાં પહોંચી છે અને શું દિલ્હી પોલીસ માત્ર શાસક

અનુ પાના નં.૨ પર

## 'નીટ' મુદ્દે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે લોકસભા સ્પીકરને લખ્યો પત્ર

**સમય સંદેશઃ નવીદિલ્હી**

NEET પરીક્ષા અને વિદ્યાર્થી આંદોલનને લઈને સંસદમાં ચાલી રહેલા ભારે હોબાળા વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભા સ્પીકર ઓમ બિરલાને એક પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે સરકાર વિદ્યાર્થી આંદોલનના મુદ્દે સંસદમાં વિગતવાર વાતચીત કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. તેમણે સ્પીકરને વિનંતી કરી છે કે તેઓ વિપક્ષી દળો સાથે વાતચીત કરીને ચર્ચાનો સમય નક્કી કરે.

અમિત શાહે બિઝનેસ એડવાઈઝરી કમિટીની બેઠકનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજુએ BACની બેઠકમાં જ સરકાર વતી NEET પરીક્ષા અંગે ચર્ચા કરવાની મંજૂરી આપી દીધી હતી. વિપક્ષની આ માગ પહેલાથી જ સ્વીકારી લેવામાં આવી હતી. પત્રમાં જણાવાયું છે કે ચાલુ સત્ર દરમિયાન 'વિદેશી અંશદાન (અનુચિત સાધનોની રોકથામ) સુધારા વિધેયક, ૨૦૨૬' પર ચર્ચા થઈ



ચૂકી છે. આ ચર્ચા દરમિયાન વિપક્ષના કોઈ પણ સાંસદે NEET પરીક્ષા અંગે ગૃહમાં કોઈ વિચાર વ્યક્ત કર્યા નહોતા. તેમ છતાં, સરકાર આ સંવેદનશીલ મુદ્દે ચર્ચા માટે તૈયાર છે. અમિત શાહે લોકસભા અધ્યક્ષને પત્રમાં વિનંતી કરી છે કે, તમે વિપક્ષ સાથે ચર્ચા કરીને પરસ્પર સંમતિથી જેટલો સમય કે કલાક યોગ્ય સમજો તેટલો સમય ફાળવવાની કૃપા કરો. હું નિર્ધારિત સમય દરમિયાન ગૃહમાં ઉપસ્થિત રહીને આ મુદ્દા પરની ચર્ચામાં ભાગ લેવા માંગુ છું અને વિપક્ષના તમામ પ્રશ્નોના ઉત્તર આપવા માટે તૈયાર છું. લોકશાહીમાં ચર્ચા અને સંવાદથી જ ઉકેલ આવે છે. મારો લોકશાહી અને લોકશાહી સંસ્થાઓમાં અડીખમ વિશ્વાસ છે.

સંસદ ભવનની બહાર મીડિયા સાથે વાત કરતા અમિત શાહે ઉમેર્યું હતું કે, સરકાર પાસે છુપાવવા માટે કંઈ નથી. વિપક્ષ આ મુદ્દે ચર્ચા કરવા દેવાના બદલે

અનુ પાના નં.૨ પર

## ગુજરાતમાં બે દિવસ વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી

**સમય સંદેશઃ અમદાવાદ**


હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી બે દિવસ સુધી વરસાદી માહોલ જળવાઈ રહેવાની આગાહી કરવામાં આવી છે. રાજ્યના પૂર્વ અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતાને પગલે તંત્ર દ્વારા એલર્ટ જાહેર કરી નાગરિકોને જરૂરી સાવચેતી રાખવા અને બિનજરૂરી મુસાફરી ટાળવા સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ મહીસાગર, પંચમહાલ અને દાહોદ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે, જેને ધ્યાનમાં રાખીને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની તથા વાહન વ્યવહાર પ્રભાવિત થવાની શક્યતા હોવાથી સ્થાનિક તંત્રને જરૂરી સજ્જતા રાખવા નિર્દેશ કરાયા છે. અમદાવાદ શહેરમાં આગામી દિવસોમાં આકાશ મોટાભાગે વાદળછાયું રહેવાની સંભાવના છે. કોઈ ભારે વરસાદની શક્યતા નથી, પરંતુ હળવાથી મધ્યમ વરસાદી

અનુ પાના નં.૨ પર

## વારાણસીમાં મોટી કાર્યવાહીઃ દાલમંડીમાં ૬ મસ્જિદો સહિત ૧૭૯ મકાનો તોડાયા, ટૂંક સમયમાં બનશે રસ્તો

**સમય સંદેશઃ વારાણસી**

ઉત્તર પ્રદેશના વારાણસીના દાલમંડી વિસ્તારમાં રસ્તાને પહોળા કરવા માટે છેલ્લા ૯ મહિનાથી ચાલી રહેલી ડિમોલિશનની કામગીરી હવે અંતિમ ચરણમાં પહોંચી ગઈ છે. આ પ્રોજેક્ટમાં આવતા કુલ મકાનોમાંથી હવે માત્ર ૨ મકાનો જ



તોડવાના બાકી રહ્યા છે. વહીવટીતંત્રના જણાવ્યા મુજબ, આ બંને મકાનો પર પણ આ જ અઠવાડિયે કામગીરી પૂર્ણ કરી લેવામાં આવશે. દાલમંડીમાં રસ્તો પહોળો કરવા માટે કુલ ૧૮૧ ભવનો કામગીરીના દાયરામાં

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની વાર્ષિક નિરીક્ષણ મુલાકાત

### એસપી કચેરી ખાતે ગાર્ડ ઓફ ઓનર સાથે સ્વાગત, ક્રાઈમ કોન્ફરન્સમાં કાયદો-વ્યવસ્થાની સમીક્ષા કરી







**સમય સંદેશઃ જામનગર**

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયે જામનગર જિલ્લાની વાર્ષિક નિરીક્ષણ મુલાકાત લીધી હતી. જામનગર આગમન સમયે પોલીસ વિભાગ દ્વારા તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જામનગર જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પુષ્પગુચ્છ અર્પણ કરી તેમનું સ્વાગત કર્યું હતું.

મુલાકાત દરમિયાન એસપી કચેરી ખાતે આઈજી નિર્લિપ્ત રાયની અધ્યક્ષતામાં ક્રાઈમ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની, ઉજ્જ પિયુષ વાંદા, જયવીરસિંહ ઝાલા, વી.કે. પંડ્યા સહિતના પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તથા ગુનાખોરીને લગતા વિવિધ મુદ્દાઓની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આઈજી નિર્લિપ્ત રાયે ગ્રામ્ય પોલીસ મથકની રૂબરૂ મુલાકાત લઈ પોલીસ સ્ટેશનની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે પોલીસ સ્ટેશનના વિવિધ સરકારી રજિસ્ટરો અને દસ્તાવેજોની ચકાસણી કરી હતી. સાથે જ વણઉકેલાયેલા ગુનાઓ અને પડતર કેસોની સ્થિતિની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

નિરીક્ષણ દરમિયાન પોલીસ કર્મચારીઓની દૈનિક કામગીરી, ફરજ પ્રત્યેની જવાબદારી અને શિસ્ત અંગે પણ ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. ઈન્ચાર્જએ પોલીસ તંત્રની કામગીરી વધુ અસરકારક બને તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે આઈજીનિર્લિપ્ત રાયે પોલીસ જવાનો સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે પોલીસ

અનુ પાના નં.૨ પર

## જસ્ટિસ યશવંત વર્મા સામેના ત્રણેય આરોપો સાબિત



**સમય સંદેશઃ નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્મા સામેની તપાસ સમિતિનો રિપોર્ટ બુધવારે સંસદનાં બંને ગૃહોમાં રજૂ કરવામાં આવ્યો હતો. ત્રણ સભ્યોની તપાસ સમિતિએ પોતાનો રિપોર્ટ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને સોંપ્યાના કેટલાક મહિનાઓ બાદ તેને સંસદના પટલ પર મૂકવામાં આવ્યો. લોકસભા અને રાજ્યસભામાં સંબંધિત મહાસચિવોએ રિપોર્ટ રજૂ કર્યો હતો. બે ભાગમાં તૈયાર કરવામાં આવેલા આ રિપોર્ટમાં તપાસ દરમિયાન એકત્ર કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જસ્ટિસ વર્મા સામે માર્ચ, ૨૦૨૫માં તેમના સત્તાવાર નિવાસસ્થાન ૩૦, તુગલક ક્રેસન્ટ, નવી દિલ્હીમાં આગ લાગ્યા બાદ મોટી માત્રામાં બળેલી રોકડ મળી હોવાના આરોપો લાગ્યા હતા. આગ ઓલવતી વખતે ફાયર બ્રિગેડના કર્મચારીઓને જસ્ટિસ વર્માના ઘરના સ્ટોરરૂમમાંથી મોટી માત્રામાં બળી ગયેલી રૂ. ૫૦૦ની નોટો મળી આવી હતી. તપાસ સમિતિએ જસ્ટિસ યશવંત વર્મા સામે લગાવવામાં આવેલા ત્રણેય આરોપો સાબિત હોવાનું માન્યું છે. સમિતિએ જણાવ્યું કે સત્તાવાર નિવાસસ્થાનના સ્ટોર રૂમમાં મળેલી મોટી માત્રામાં રોકડની હાજરી, તેના સ્ત્રોત અને માલિકી અંગે જસ્ટિસ વર્મા સંતોષકારક જવાબ આપી શક્યા નથી.

અનુ પાના નં.૨ પર

## એમ.પી.શાહ સરકારી મેડીકલ કોલેજને આઈઆઈઆર ફ્રેમવર્કના સર્વેમાં ૪૭મું સ્થાનઃ રાજ્યભરમાં બીજા ક્રમે

**સમય સંદેશઃ જામનગર**

તાજેતરમાં થર્ડ પાર્ટી સંસ્થા 'ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક' દ્વારા દેશભરની મેડિકલ કોલેજોનું મૂલ્યાંકન કરીને રેન્કિંગ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં જામનગરની એમ. પી. શાહ મેડિકલ કોલેજે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા દેશભરમાં ૪૭મો અને ગુજરાત રાજ્યમાં બીજો ક્રમ પ્રાપ્ત કરીને સમગ્ર જામનગરનું ગૌરવ વધાર્યું છે. આ સંસ્થા દ્વારા પોતાના વિવિધ સ્ત્રોતો મારફતે ફેકલ્ટીની ગુણવત્તા, ઉપલબ્ધ સાધન-સામગ્રી અને રિસર્ચ સહિતના વિવિધ માપદંડોને ધ્યાનમાં રાખીને માહિતી એકત્ર કરવામાં આવે છે અને તેના આધારે આ રેન્કિંગ નક્કી કરવામાં આવે છે. કોલેજના ડીન ડો. નંદીની દેસાઈના જણાવ્યા અનુસાર, તાજેતરમાં કરાયેલા આ સર્વેમાં જામનગરની એમ. પી. શાહ મેડિકલ કોલેજે ૧૦૦૦ માંથી ૮૯૦થી પણ વધુ માર્ક્સ મેળવ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ રેન્કિંગમાં રાજ્યમાં પ્રથમ ક્રમ વડોદરાની મેડિકલ કોલેજને મળ્યો છે. દેશની ટોપ-૫૦ મેડિકલ કોલેજોની યાદીમાં સ્થાન મેળવીને જામનગરની આ મેડિકલ કોલેજે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

## જામનગરમાં દશામા વ્રતનો પ્રારંભ અને શ્રાવણી ભક્તિનો માહોલઃ શિવાલયો ભક્તિના નાદથી ગુંજી ઊઠ્યા

### એવરત-જીવરતના જાગરણ અને દિવાસા સાથે પવિત્ર શ્રાવણ માસની શાનદાર શરૂઆતઃ જામનગરના ૧૦૦થી વધુ શિવમંદિરોમાં રોશની અને વિશેષ પૂજા-અભિષેકની તૈયારીઓ

તસવીરઃ હિરેન ગાંધી





દિવાસા





દશામા





શિવાલયોમાં શણગાર

**સમય સંદેશઃ જામનગર**

અષાઢ માસની અમાસ એટલે કે દિવાસાની રાત્રિએ સૌભાગ્યવતી બહેનો દ્વારા એવરત-જીવરતનું વ્રત અને દાદા-દાદી કે અજયા-વિજયા માતાની પૂજા-અર્ચના સાથે દોઢ દિવસના સૌથી મોટા જાગરણની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. અષાઢ વદ તેરસથી શરૂ થયેલા આ વ્રતની પૂર્ણાહુતિ સાથે જ ધાર્મિક તહેવારોની શૃંખલાનો પ્રારંભ થયો છે. જામનગરમાં આજથી ૧૦ દિવસીય શ્રદ્ધા પર્વ દશામાના વ્રતનો પ્રારંભ થયો છે. જેના માટે ગત સાંજે વ્રતધારીઓ દ્વારા છ ઈંચથી લઈને ત્રણ ફૂટ સુધીની દશામાની મૂર્તિઓની ખરીદી કરવામાં આવી હતી. આ મૂર્તિઓની ઘરમાં સ્થાપના કરીને ૧૦ દિવસ સુધી પૂજા-અર્ચના બાદ વ્રતના સમાપને વિસર્જન કરવામાં આવશે.

દિવાસાના પાવન પર્વ બાદ આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતાં જ છોટીકાશી તરીકે ઓળખાતા જામનગરમાં દેવાધિદેવ મહાદેવની ભક્તિનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. શહેરના ૧૦૦થી વધુ નાના-મોટા શિવમંદિરોમાં વહેલી સવારથી જ શિવભક્તો દર્શન, પૂજા અને જળાભિષેક માટે ઉમટી પડ્યા છે. પ્રાચીન અને ઐતિહાસિક એવા ડીકવી સર્કલ નજીક આવેલા શ્રી પ્રતાપેશ્વર મહાદેવ મંદિર, કાશી વિશ્વનાથ શિવમંદિર તેમજ ભીડભંજન મહાદેવ મંદિર સહિતના શિવાલયોને મનોહર રોશનીથી શણગારવામાં આવ્યા છે.

શ્રાવણ માસના પ્રથમ દિવસે જ શહેરના જાણીતા સિદ્ધનાથ, કાશી વિશ્વનાથ, નાગેશ્વર, ભીડભંજન, બૈજનાથ, દુઃખભંજન, પ્રતાપેશ્વર, હજારેશ્વર, નર્મદેશ્વર, જડેશ્વર, રામેશ્વર, નીલકંઠ, ગૌરીશંકર અને ભીમાશંકર સહિતના મંદિરોમાં 'હર હર મહાદેવ' અને 'જય ભોલેનાથ'ના નાદ ગુંજી રહ્યા છે. સમગ્ર જામનગરમાં દશામાના નોરતા અને શ્રાવણી પર્વને લઈને ભારે ઉત્સાહ અને ધાર્મિક વાતાવરણ જોવા મળી રહ્યું છે.


## તંત્રી સ્થાનેથી..

### મેઘાનું આડંબર !

આબોહવા પરિવર્તન કટોકટીનો સામનો કરતી વખતે ચોમાસાના વર્તનની અનિશ્ચિતતા વચ્ચે વરસાદ પર કૃષિની નિર્ભરતા ઘટાડવા માટે એક વ્યાપક વ્યૂહરચના વિકસાવવી જરૂરી છે. આ માટે સૂક્ષ્મ સિંચાઈ સુવિધાઓનો વિસ્તાર કરવા, જળાશયોને પુનર્જીવિત કરવા, ભૂગર્ભજળ વ્યવસ્થાપનમાં સુધારો કરવા સ્થિતિસ્થાપક ખેતીને પ્રોત્સાહન આપવાના પ્રયાસોની જરૂર છે. બદલાતી હવામાન પેટર્ન પર પ્રતિક્રિયા આપવાને બદલે, આપણે લાંબા ગાળાની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સુનિશ્ચિત કરવી જોઈએ. કુદરતી આફતો સામે પાક રક્ષણ માટે વીમા કવરેજ હજુ પણ અસરકારક નથી. ખેડૂતોને પાકના નુકસાન માટે વળતર કેવી રીતે મેળવવું તે અંગે વ્યવહારુ જ્ઞાનનો ઘણીવાર અભાવ હોય છે. દેશમાં પૂરતા પ્રમાણમાં અનાજ ભંડાર અને કટોકટી વ્યવસ્થા હોવા છતાં, દેશની ખાદ્ય સુરક્ષા માટે કોઈ તાત્કાલિક ખતરો નથી. ચોમાસાના વર્તનમાં સતત અનિશ્ચિતતાને ધ્યાનમાં રાખીને, રાષ્ટ્રીય નીતિ નિર્માતાઓએ કૃષિ સંરક્ષણ માટે એક એવી સિસ્ટમ વિકસાવવાની જરૂર છે જે આબોહવા પરિવર્તનનો વધુ સારી રીતે સામનો કરી શકે. અનિયત ચોમાસાઓએ દેશમાં પેયજળનું ચિત્ર બદલાવ્યું છે. ઉત્તર ભારતમાં ભૂગર્ભજળના સ્તરમાં ૪૫૦ ઘન કિલોમીટરનો ઘટાડો થયો છે તે ચિંતાજનક છે. છેલ્લા બે દાયકામાં આ ઘટાડો ભવિષ્યમાં ખેતી અને આજીવિકા માટે પાણીની સંભવિત અછત સૂચવે છે. બે દાયકામાં ભૂગર્ભજળમાં આ ઘટાડો ભારતના સૌથી મોટા જળાશય, ઈન્દિરા સાગર ડેમની કુલ જળ સંગ્રહ ક્ષમતા કરતાં ૩૭ ગણો છે. ભૂગર્ભજળના આ ઘટાડાનું એક મુખ્ય કારણ ૧૯૫૧ અને ૨૦૨૧ વચ્ચે ચોમાસાના વરસાદમાં ૮.૫ ટકાનો ઘટાડો છે. આ કટોકટીનું બીજું પાસું એ છે કે ઉત્તર ભારતમાં શિયાળાના તાપમાનમાં ૦.૩ સેલ્સિયસનો વધારો જોવા મળ્યો છે. હૈદરાબાદ સ્થિત નેશનલ જીઓફિઝિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સંશોધકોની ટીમ દ્વારા આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. ચોમાસાના વરસાદમાં ઘટાડો અને શિયાળાના તાપમાનમાં વધારો થવાને કારણે, આગામી વર્ષોમાં સિંચાઈ માટે પાણીની માંગ ચોક્કસપણે વધશે. તે જ સમયે, વધતી જતી પાણીની માંગ ભૂગર્ભજળના રિચાર્જમાં પણ ઘટાડો કરશે, જેનાથી ઉત્તર ભારતના વિસ્તારો પર દબાણ આવશે જે પહેલાથી જ ભૂગર્ભજળ સંકટનો સામનો કરી રહ્યા છે. આબોહવા પરિવર્તનને કારણે ચોમાસાના વરસાદમાં ઘટાડો થશે, જ્યારે શિયાળાના પ્રમાણમાં ઊંચા તાપમાનને કારણે ભૂગર્ભજળના રિચાર્જમાં ૬થી ૧૨ ટકાનો ઘટાડો થઈ શકે છે.



# હાલારના હાલહવાલ



# જામનગરમાં બુલેટમાં ફાયર સાયલેન્સર લગાવી ફટાકડા ફોડી રોફ જમાવતા શખ્સોનો વીડિયો વાયરલ: પોલીસ કાર્યવાહી પર સૌની નજર

**સમય સંદેશઃ જામનગર**



જામનગરના રણજીત સાગર રોડ પર આવેલ નાનકપુરી વિસ્તારમાં જાહેર માર્ગ પર બુલેટ મોટરસાયકલમાં ફાયર સાયલેન્સર લગાવીને મોટા અવાજે ફટાકડા ફોડતા અને રોફ જમાવતા શખ્સોનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ભારે ચર્ચા જાગી છે. આ રીતે જાહેર રોડ પર જોખમી સ્ટંટ કરી અવાજ પ્રદૂષણ ફેલાવી લોકોમાં ભયનો માહોલ સર્જતા આવા તત્વો સામે પોલીસ ક્યારે અને કેવી કાયદેસરની કાર્યવાહી કરશે તે અંગે સ્થાનિકોમાં સવાલો ઉઠી રહ્યા છે. વીડિયો વાયરલ થયા બાદ હવે સ્થાનિક પોલીસ દ્વારા વીડિયોના આધારે આ શખ્સોની ઓળખ કરી તેમની સામે કડક પગલાં લેવામાં આવે છે કે નહીં તેના પર સૌની નજર ટકેલી છે.

## કાનાલુસ નજીક રખડતાં ખૂંટિયાએ ઢીંક મારતા શ્રમિકનું મોત

મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના વતની અને હાલ જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના કાનાલુસ સીમ વિસ્તારમાં આવેલી એલ.સી.-૮ કોલોનીમાં રહેતા બીજયા બેહરા સોલાબેહરા નામના શ્રમિક તા.૩ ઓગસ્ટના રોજ રાત્રિના ૧૧ વાગ્યા પહેલાં કોઈપણ સમયે આરબલુસ માર્કેટ સામે આવેલા કાનાલુસ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન ખૂંટિયાએ તેમને ઢીક મારતાં તેઓ રોડ પર પટકાયા હતા અને શરીર તેમજ માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે ઇજાગ્રસ્ત બીજયા બેહરાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ તેમના પરિચિત રતન બેહરા સોલાબેહરા દ્વારા પોલીસને કરવામાં આવી હતી. મેઘપર પોલીસે બી.એન.એસ. એસ.ની કલમ ૧૯૪ મુજબ અકસ્માત મોતની નોંધ કરી બનાવ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છ સ્થળોએ જુગાર દરોડામાં ૧૬ શખસો ઝડપાયા


**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થાનિક પોલીસ દ્વારા ગઈકાલે મંગળવારે કરવામાં આવેલી કાર્યવાહીમાં ભાણવડ નજીક આવેલી ગરાસ સીમ વિસ્તારમાંથી પોલીસે જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમી રહેલા કિરણ કારુભાઈ પરમાર, પુનિત ભીખાભાઈ, જગદીશ ઉર્ફે જગા છગનભાઈ, અનિલ પરબત અને પ્રવીણ મગન સોલંકી નામના પાંચ શખ્સોને રૂપિયા ૧૩,૭૮૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. અન્ય એક કાર્યવાહીમાં રામેશ્વર પ્લોટ વિસ્તારમાં રહેતો શોહિલશા નુરસા સર્વદી નામનો ૨૪ વર્ષનો શખ્સ વરલી મટકાનો જુગાર રમતા ઝડપાઈ ગયો હતો.

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે પોલીસ સ્ટેશનની પાછળની ગલીમાંથી સદ્દામ સલીમ ભગાડ અને આમીન ઈબ્રાહીમ ગંઢારને પોલીસે રોન પોલીસનો જુગાર રમતા રૂ. ૨,૮૫૦ ની રકમ સાથે ઝડપી લીધા હતા.

કલ્યાણપુર તાલુકાના ભોપામઢી (મેવાસા) ગામેથી નારણ જીવા સરસીયા, દેવા રૂડા પરમાર અને રમેશ ચીમલીયા આદિવાસી નામના ત્રણ શખ્સો રૂ. ૧૨૬૦ ના મુદ્દામાલ સાથે તેમજ આ જ વિસ્તારમાંથી હરેશ કેશુ ચાવડા, હરીશ આલા પરમાર અને નરસી પાલા મકવાણા નામના ત્રણ શખ્સો રૂ. ૧,૯૮૦ ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપાઈ ગયા હતા.

## દ્વારકા જિલ્લામાં શૈક્ષણિક સંકુલો આસપાસ તમાકુ વેચતા ૧૬ જેટલા વેપારીઓ પાસેથી દંડ વસુલાયો




**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકામાં નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨૦૦૩ ના અસરકારક અમલીકરણ માટે તાલુકા હેલ્થ કચેરી દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત દ્વારકા તાલુકા હેલ્થ કચેરીના સ્ટાફ દ્વારા 'ટોબેકો સ્ક્વોડ'ની રચના કરીને દ્વારકાધીશ મંદિર વિસ્તાર, શહેરના જાહેર સ્થળો, શૈક્ષણિક સંકુલો તેમજ સરકારી કચેરીઓના પરિસરમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન તમાકુ નિયંત્રણ કાયદાના વિવિધ નિયમોનું ઉલ્લંઘન કરતા દુકાનદારો અને વ્યક્તિઓ સામે સ્થળ પર જ દંડાત્મક પગલાં લેવામાં આવ્યા હતા.

આ વિશેષ એન્ફોર્સમેન્ટ ડ્રાઇવ દરમિયાન કાયદાનો ભંગ કરનારા કુલ ૧૬ જેટલા આસામીઓ પાસેથી રૂ. ૩,૨૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. દંડાત્મક કાર્યવાહીની સાથે-સાથે આરોગ્ય ટીમ દ્વારા તમાકુ અને તેની બનાવટોના સેવનથી થતા ગંભીર શારીરિક નુકસાન અને રોગો અંગે સ્થાનિકો તથા વેપારીઓને માહિતી આપીને તમાકુના વ્યસનથી દૂર રહેવા માટે લોકજાગૃતિના સઘન પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા.

# મીઠાપુર નજીક ગઢેચી ગામની વાડીનાં જુગારધામ પર દરોડો : ૧૧ ઝડપાયા

**સમય સંદેશઃ દ્વારકા**



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સોમવારે કરવામાં આવેલી પોલીસ કાર્યવાહીમાં મીઠાપુરથી આશરે ૧૧ કિલોમીટર દૂર ગઢેચી ગામના વાડી વિસ્તારમાં રહેતા ગાંગાભા ભુપતભા સુમણીયા નામના ૨૬ વર્ષના શખ્સ દ્વારા પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવીને અંગત ફાયદા માટે નાલ ઉઘરાવીને ચલાવતા જુગારના અખાડામાંથી પોલીસે ગાંગાભા ભુપતભા સાથે બહાદુરભા બબાભા નાયાણી, અનવર કાદર, આસપારભા હીરાભા, રામસિંહ માણેકભા, જુનસ ગાભાભાઈ, પોલાભા ડોસાભા, મિલાપ રોહિતભાઈ, હિરેન જયસુખભાઈ અને ગીતાબેન ભાવસંગભા નામના ૧૦ પત્તાપ્રેમીઓને ઝડપી લીધા હતા. ઝડપાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂ. ૯૧,૬૭૦ ની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કરી, ધોરણસરની કાર્યવાહી કરી હતી.

ભાણવડ પોલીસની કાર્યવાહીમાં ભાણવડથી ૧૩ કિલોમીટર દૂર મોડપર ગામેથી મનીષાબેન ભાવેશભાઈ ગોદડીયા મંજુબેન કમલેશભાઈ, વીલીબેન કારાભાઈ, શાંતીબેન નાનજીભાઈ અને જુબીબેન આદમભાઈ નામના પાંચ મહિલાઓને રૂ. ૧૦,૨૩૦ ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લીધા હતા. મીઠાપુર પોલીસે સુરજકરાડી વિસ્તારમાંથી દિપાલીબેન મસરીભાઈ મકવાણા, નિશાબેન મસરીભાઈ, બાલુભાઈ રણછોડભાઈ અને ભાવેશ રામાભાઈ નામના ચાર વ્યક્તિઓને જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા રૂ. ૧૩,૩૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

ખંભાળિયા તાલુકાના સલાયા ગામેથી હમીદ હારૂન ભાયા, આમીન ઉર્ફે જાયલી અબ્બાસ સુંભણીયા અને સાલેમામદ જુસબ ચબા નામના ત્રણ શખ્સોને તીનપત્તીને જુગાર રમતા રૂ. ૩,૭૩૦ ની રોકડ રકમ સાથે પોલીસે ઝડપી લીધા હતા.

# ગોંડલના ૩૩૨ વર્ષ પુરાણા શ્રી સુરેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ મહિનામાં વિશેષ પૂજન-અર્ચન



**સમય સંદેશઃ ગોંડલ**
**(તુષાર વ્યાસ દ્વારા)**

ગોંડલ,ગોંડલના વેરી તળાવની બાજુમાં રમણીય વિસ્તાર વચ્ચે શહેરના અતિપ્રાચીન ૩૩૨ વર્ષ પુરાણા શ્રી સુરેશ્વર મહાદેવના સાનિધ્યમાં શ્રાવણ મહિનાની ઉજવણી ભવ્યતાથી થશે. રાત્રીના ૩ વાગ્યે સવારે-૫-૦૦ વાગે તથા ૬-૦૦ વાગે, બપોરે ૧૨-૦૦ વાગે, સાંજે ૭-૦૦ વાગે વહેલી સવારથી લઇ મોડી રાત સુધી સુરેશ્વર મહાદેવ મંદિરમાં હર હર મહાદેવનો નાદ ગુંજતો રહે છે. છેલ્લા ૪૫ વર્ષથી સુરેશ્વર મહાદેવ મંદિરમાં નિયમત પુજા સેવા કરી રહેલા ટોળીયા ન્યુઝ એજન્સીવાળા પત્રકાર હરેશભાઈ વ્યાસ (સુપર) જણાવે છે કે મંદિર ૩૩૨ વર્ષ પુરાણું છે. સ્વયંભુ શિવલિંગ પ્રગટ્યું હોવાની કથા છે. ગોંડલના રાજવી સર ભગવતસિંહજી પણ નિયમીત સુરેશ્વર મહાદેવના દર્શન માટે આવતોનેશનલ હાઇવેથી ત્રણ કિમી તથા કોટડા સાંગાણી રોડ ઉપર વેરી તળવા જવાના રસ્તે આ શિવાલય આવ્યું છે. અહીં ઐતિહાસિક ધાર્મિક અને પ્રાકૃતિક ત્રિવેણી સંગમ સર્જાય છે. મહારાજા સર ભગવતસિંહજીએ ગોંડલ ફરતે અનેક શિવાલયોનું નિર્માણ કરેલ હતું. પરંતુ સુરેશ્વર મહાદેવ અતિ પ્રાચીન મંદિર ગણાય છે. મંદિરના મહંત શૈલેષપરી ગોસાઈ તેમજ રાહુલપરી ગોસાઈ (મો.નં.૯૯૧ ૩૩૩૨૪ ૨૪૬) જણાવે છે કે અહીં શ્રાવણ માસમાં નિયમિત વડપુજા, લઘુરૂદ્રનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# મોટી ખાવડીમાં સ્પામાંથી દારૂની બોટલ મળી આવી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના મોટી ખાવડીના રોઝલીના સ્પામાં ડમી ગ્રાહકને મોકલવામાં આવ્યો હતો, પરંતુ સ્પાના મેનેજરે આવી કોઈ માગણી નકારી કાઢી હતી. ત્યારબાદ પોલીસ દ્વારા પંચોની હાજરીમાં સાંજે સાડા પાંચ વાગ્યે સ્પામાં તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન રિસેપ્શન સેન્ટરના ટેબલ નીચેથી 'મેજિક મોમેન્ટ્સ ઓરેન્જ ફ્લેવર્ડ વોડકા'ની કાચની બોટલ મળી આવી હતી. તેમાં અંદાજે ૧૦૦ એમએલ જેટલો દારૂ હોવાનું જણાયું હતું. બોટલની કિંમત રૂ.૨૫૦ ગણવામાં આવી હતી અને એફએસએલ તપાસ માટે કબજે કરવામાં આવી હતી.

પોલીસે સ્થળ પરથી સ્પા મેનેજર તરુણકુમાર કૌશીકભાઈ મિસ્ત્રી (રહે. સરસ્વતી સોસાયટી, માર્કેટિંગ યાર્ડ, ગોધરા, પંચમહાલ, હાલ મોટી ખાવડી)ને પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## અનુસંધાન

### આજે ખુલશે ટેન્ડર

(પાના નં. ૪ થી આગળ)

વર્ષે ખાનગી આયોજકો દ્વારા પણ એક વિશાળ પ્રાઈવેટ મેળો યોજાવા જઈ રહ્યો છે. લાલપુર બાયપાસ ચોકડીથી ખંભાળિયા બાયપાસ વચ્ચે જી.આઈ.ડી.સી. ની સામે આ ખાનગી મેળો આકાર લઈ રહ્યો છે. આથી આ વર્ષે જામનગર શહેરમાં નાગરિકો માટે એક સરકારી અને એક ખાનગી એમ બે લોકમેળા આકર્ષણનું કેન્દ્ર બનશે.

### સફાઈ કર્મચારી યુનિયન

(પાના નં. ૪ થી આગળ)

કે જો સફાઈ કર્મચારીઓને યોગ્ય ન્યાય નહીં મળે, તો તમામ કર્મચારીઓને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરવામાં આવશે. સાથોસાથ શહેરની તમામ સફાઈ કામગીરી સંપૂર્ણપણે બંધ કરવાની પણ ફરજ પડશે, અને તેનાથી ઊભી થનારી તમામ વિષમ પરિસ્થિતિની જવાબદારી જામનગર મહાનગરપાલિકાના કમિશનરની રહેશે.

### જામનગરમાં યુવા દલિત

(પાના નં. ૪ થી આગળ)

નાણાકીય વ્યવહારોમાં પારદર્શક ઓડિટ અને ફોરેન્સિક તપાસ કરવાની માંગણી પણ કરવામાં આવી છે.

આ ઉપરાંત, નીટસહિતની વિવિધ સરકારી ભરતીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વારંવાર થતી પેપર લીકની ઘટનાઓથી મહેનતુ વિદ્યાર્થીઓનું ભવિષ્ય રોળાઈ રહ્યું હોવાનો આક્રોશ વ્યક્ત કરાયો છે. આવેદનપત્રમાં માંગ કરાઈ છે કે માત્ર નાના આરોપીઓની અટકાયત કરવાના બદલે મુખ્ય સૂત્રધારો અને નાણાકીય લાભાર્થીઓ સુધી તપાસ પહોંચાડી કડક સજા કરવામાં આવે. સાથોસાથ પોતાના હક માટે અહિંસક આંદોલન કરતા વિદ્યાર્થીઓ કે ખેડૂતોને અપમાનજનક શબ્દોથી સંબોધવા સામે પણ વિરોધ દર્શાવવામાં આવ્યો છે. યુવા દલિત સમાજ-જામનગર દ્વારા દેશભરના તમામ મોટા ધાર્મિક ટ્રસ્ટોના દાન અને ખર્ચ અંગે પારદર્શક નાણાકીય ઓડિટ પદ્ધતિ અમલી બનાવવાની મુખ્ય માંગણીઓ રજૂ કરવામાં આવી છે. આ આવેદનપત્રની નકલ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યપાલ, મુખ્યમંત્રી અને ગૃહમંત્રીશ્રીને પણ મોકલવામાં આવી છે. જો સામાન્ય જનતાના પ્રશ્નો અને ગંભીર મુદ્દાઓ પર યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો આગામી સમયમાં ન્યાયિક લડત ચાલુ રાખવાના સંકેત આપવામાં આવ્યા છે.

### વિદેશી દારૂ

(પાના નં. ૪ થી આગળ)

પણ જાહેર થયા છે. આ સમગ્ર કાર્યવાહી ભાણવડના પી.આઈ. વી.કે. કોઠીયાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ દરમિયાન સ્ટાફના કિશોરસિંહ જાડેજા, નારણભાઈ બેલા, યોગરાજસિંહ ઝાલા અને લાલાભાઈ ખાટલીયા દ્વારા કરવામાં આવ્યા હતી.

### ૨૦૦ પરિવારો મુશ્કેલીમાં

(પાના નં. ૩ થી આગળ)

આવતી હતી. સીટી ઈજનેર ભાવેશભાઈ જાની, કાર્યપાલક ઈજનેર હિતેષ પાઠક અને ભૂગર્ભ ગટરના મુખ્ય ઈજનેર મુકેશભાઈ ચાવડા આ સ્થિતિથી સંપૂર્ણપણે માહિતગાર હોવા છતાં લોકોની સમસ્યા પ્રત્યે ધ્યાન આપવામાં આવ્યું નથી.

પૂર્વ કોર્પોરેટર અને સ્થાનિકોએ કેનાલની સાઈડમાં તાત્કાલિક ભૂગર્ભ ગટરના કનેક્શન કરી આપવાની પ્રબળ માંગ કરી છે. આ સાથે જ તેમણે તંત્રને આકરી ચીમકી આપતા જણાવ્યું છે કે, આગામી સમયમાં આ કેનાલના આગળના ભાગમાં આવેલા સિદ્ધેશ્વર સોસાયટી અને વિવેકાનંદ સોસાયટી તરફ ભૂગર્ભ ગટર માટે માર્જિન છોડ્યા વિના આવું અણઘડ કામ કોઈપણ ભોગે ચલાવી લેવામાં આવશે નહીં.

### ત્રિરંગા યાત્રા

(પાના નં. ૩ થી આગળ)

૧૪ ઓગસ્ટના રોજ 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' ની વિશેષ ઉજવણી હાથ ધરાશે.

વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસે ટાઉનહોલ ખાતે વિશેષ પ્રદર્શન તથા નાટિકા રજૂ કરાશે. સાથોસાથ સાંજે ૭.૦૦ કલાકે ટાઉનહોલથી ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સુધી કેન્ડલ માર્ચ યોજાશે. કલેક્ટરે નાગરિકોને અને વિદ્યાર્થીઓને આ તમામ કાર્યક્રમો તથા ઓનલાઈન ક્વિઝમાં ઉત્સાહભેર ભાગ લેવા અનુરોધ કર્યો છે. આ બેઠકમાં ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, મ્યુનિસિપલ કમિશ્નર દીપેશ કેડીયા, જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની, નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આઈજી નિર્લિપ્ત રાય

(પાના નં. ૧ થી આગળ)

કર્મચારીઓની કામગીરીને બિરદાવી હતી અને ભવિષ્યમાં પણ શિસ્ત, જવાબદારી અને પ્રજાસેવાના અભિગમ સાથે ફરજ બજાવવા પ્રોત્સાહિત કર્યા હતા. ક્રાઈમ કોન્ફરન્સ દરમિયાન ઈત્રદ્ર રાયે અધિકારીઓને પડતર કેસોનો ઝડપી અને ન્યાયી નિકાલ લાવવા સૂચના આપી હતી. ગુનાની તપાસમાં ગુણવત્તા જળવાઈ રહે અને કોઈ નિર્દોષને અન્યાય ન થાય તે અંગે પણ ખાસ ધ્યાન આપવા જણાવ્યું હતું. આઈજી નિર્લિપ્ત રાયે પ્રજાલક્ષી અને પારદર્શક પોલીસિંગને પ્રાથમિકતા આપવા અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. પોલીસની કામગીરીથી સામાન્ય નાગરિકોમાં સુરક્ષાની ભાવના મજબૂત થાય અને લોકોનો પોલીસ તંત્ર પ્રત્યે વિશ્વાસ વધે તે રીતે ફરજ બજાવવા પણ તેમણે જણાવ્યું હતું.

### કોકરોચ દીપકે

(પાના નં. ૧ થી આગળ)

પક્ષ માટે કામ કરી રહી છે કે આમ જનતા માટે? આ સમગ્ર ઘટનાક્રમને પગલે દિલ્હીના રાજકારણમાં નવો ગરમાવો આવી ગયો છે.

### 'નીટ' મુદ્દે કેન્દ્રિય

(પાના નં. ૧ થી આગળ)

સંસદની કામગીરીને ખોરવી રહ્યો છે. હવે વિપક્ષે જ નક્કી કરવાનું છે કે તેઓ ચર્ચા ઈચ્છે છે કે હોબાળો. ઉલ્લેખનીય છે કે NEET પરીક્ષાના પેપર લીક અને વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસ બળપ્રયોગના આક્ષેપોને લઈને સરકાર અને વિપક્ષ વચ્ચે વિવાદ ચાલુ છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિતના વિપક્ષી નેતાઓ ગૃહમંત્રી પાસે જવાબ માગી રહ્યા છે.

### વરસાદી માહોલ યથાવત

(પાના નં. ૧ થી આગળ)

ઝાપટાં પડી શકે છે. હવામાન વિભાગે લોકોને ખાસ કરીને ઓરેન્જ અને યલો એલર્ટ વાળા વિસ્તારોમાં નદી-નાળા નજીક જવાનું ટાળવા તથા તંત્રની સૂચનાઓનું ચુસ્ત પાલન કરવા અનુરોધ કર્યો છે.

### ૬ મસ્જિદો સહિત

(પાના નં. ૧ થી આગળ)

આવ્યા હતા, જેમાં ૬ મસ્જિદોનો પણ સમાવેશ થાય છે. આ સિવાય વારાણસી વિકાસ પ્રાધિકરણ (VDA) દ્વારા ગેરકાયદે જાહેર કરાયેલા ૪ ભવનો પર પણ બુધવારે કાર્યવાહી કરીને તેમને તોડી પાડવામાં આવ્યા છે. આ સાથે જ અત્યાર સુધીમાં કુલ ૧૮૧માંથી ૧૭૯ ભવનો પર તોડફોડની કામગીરી પૂરી થઈ ગઈ છે.

બુધવારે ડિમોલિશન દરમિયાન વિસ્તારમાં સુરક્ષાની કડક વ્યવસ્થા કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં પોલીસ, પીએસી અને પેરામિલિટ્રીના જવાનો તૈનાત રહ્યા હતા. દશાશ્વમેધના એસીપી અક્ષત અંજન ત્રિપાઠી (ACP Atul Anjan Tripathi) જણાવ્યા મુજબ, જે ૪ ભવનો પર કાર્યવાહી કરવામાં આવી તેમના માટે પહેલાથી જ આદેશ જાહેર કરી દેવાયો હતો અને તમામ કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂરી કરવામાં આવી છે.

ડિમોલિશનની સાથે વિસ્તારને સમતળ કરવાનું અને કાટમાળ ખસેડવાનું કામ પણ ઝડપથી ચાલી રહ્યું છે, જે બાદ ત્યાં નવી પાઈપલાઈન નાખવામાં આવશે. તંત્રના પ્લાન મુજબ દાલમંડીમાં આશરે ૬૫૦ મીટર લાંબો અને ૧૭.૪ મીટર પહોળો નવો રસ્તો બનાવવામાં આવશે. આ રસ્તાનું નિર્માણ કાર્ય આ જ વર્ષે પૂરું કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

### જસ્ટિસ યશવંત

(પાના નં. ૧ થી આગળ)

તેથી આ આરોપ સાબિત થયો હોવાનું માનવામાં આવ્યું છે. સમિતિને જાણવા મળ્યું હતું કે કેસ સાથે જોડાયેલા ભૌતિક પુરાવાઓનું યોગ્ય રીતે સંરક્ષણ કરવામાં આવ્યું નહોતું. કાયદેસર સીલિંગ અને તપાસ પહેલાં સ્ટોર રૂમની સ્થિતિમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને કેટલીક ચલણી નોટો ગુમ થવા અંગે પણ સ્પષ્ટ જવાબ મળ્યો નહોતો.

સમિતિએ ૨૨ માર્ચ, ૨૦૨૫ સહિત જસ્ટિસ વર્મા દ્વારા આપવામાં આવેલા ખુલાસાઓને અસંતોષકારક અને અણદેખ્યા ગણાવ્યા. સ્વતંત્ર સાક્ષીઓ અને ઉપલબ્ધ પુરાવાઓને આધારે આ આરોપ પણ સાબિત થયો હોવાનું માનવામાં આવ્યું છે.

તપાસ સમિતિએ પોતાનો અંતિમ રિપોર્ટ, કાર્યવાહીનો રેકોર્ડ અને તમામ સંબંધિત દસ્તાવેજો સક્ષમ સત્તાધિકારીને સોંપી દીધા છે. હવે આ રિપોર્ટને આધારે કાયદા મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## રામપરના પાટીયા પાસે ચાલુ ટ્રકે કેબીનમાં આગ



**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ટ્રક માલિક ઈમરાનભાઈની માલિકીનો ટ્રક ડ્રાઇવર અલતાફભાઈ માલસામાન ભરીને લઈ જઈ રહ્યા હતા. દરમિયાન રામપર ગામના પાટિયા પાસે પહોંચતાં અચાનક ટ્રકની કેબિનમાં આગ ભભૂકી ઊઠી હતી. આગ લાગતાં ડ્રાઇવર અલતાફભાઈ તુરંત ટ્રકમાંથી નીચે ઉતરી ગયા હતા, અને સમગ્ર બનાવ અંગે ટ્રકના માલિક ઈમરાનભાઈને જાણ કરી હતી. ઈમરાનભાઈએ જામનગર મહાનગર પાલિકાની ફાયરબ્રિગેડ શાખાને જાણ કરતાં ફાયરબ્રિગેડની ટુકડી પાણીના ટેન્કર સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયરબ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી ટ્રકની કેબિનમાં લાગેલી આગને કાબૂમાં લીધી હતી. અને આગ ટ્રૂકની બોડી તથા તેમાં ભરેલા માલસામાન સુધી પ્રસરે તે પહેલાં આગને કાબૂમાં લઈ લેતાં મોટી નુકસાની અટકી હતી. આ બનાવમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. આગ ક્યા કારણોસર લાગી તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં વધુ એક ભયજનક ત્રણ માળિયું મકાન તોડી પડાયું

## રૂગનાથ ફળીમાં ૮૦ વર્ષ જૂનું ત્રણ માળનું જર્જરિત મકાન તોડી પાડવામાં આવ્યુંઃ ચાલુ વર્ષે ઓળખાયેલા ૧૬ અતિ જર્જરિત બાંધકામોમાંથી ૧૩નું ડીમોલિશન પૂર્ણ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ચોમાસાની ઋતુ દરમિયાન જર્જરિત અને ભયજનક મકાનોના કારણે કોઈ દુર્ઘટના કે જાનહાની સર્જાય નહીં તે માટે જામનગર મહાનગરપાલિકા તંત્ર દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત વોર્ડ નંબર-૧૩ના લુહારસાર વિસ્તારના રૂગનાથ ફળીમાં આવેલા આશરે ૮૦ વર્ષ જૂના ત્રણ માળના જર્જરિત મકાન સામે ડીમોલિશનની કામગીરી કરવામાં આવી હતી. મનપાની ટીપીઓ અને એસ્ટેટ શાખા દ્વારા સંયુક્ત રીતે મકાન માલિક તેમજ ભાડૂઆતની લેખિત સહમતિ મેળવ્યા બાદ જર્જરિત બાંધકામને તબક્કાવાર રીતે તોડી પાડવામાં આવ્યું હતું.

મહાનગરપાલિકા તંત્રના જણાવ્યા મુજબ, ચાલુ વર્ષ દરમિયાન શહેરમાં કુલ ૧૬ અતિ જર્જરિત અને ભયજનક બાંધકામોની ઓળખ કરવામાં આવી છે. જેમાંથી અત્યાર સુધીમાં ૧૩ જર્જરિત મકાનોનું ડીમોલિશન સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે, જ્યારે બાકી રહેલા મકાનો


તસવીરઃ હિરેન ગાંધી

સામે પણ તબક્કાવાર કાર્યવાહી ચાલુ છે. આ ઉપરાંત જે ભયજનક મકાનોમાં તાત્કાલિક ડીમોલિશન શક્ય ન હોય, ત્યાં મકાન ખાલી કરાવીને સીલ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં ૨ થી ૩ ભયજનક મકાનો ખાલી કરાવી સીલ કરવામાં આવ્યા છે.

નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપતા તંત્ર દ્વારા ભયજનક જાહેર થયેલા મકાનોમાં લોકો ફરી વસવાટ ન કરે તે માટે માત્ર સીલિંગ જ નહીં, પરંતુ નળ કનેક્શન સહિતની અન્ય આવશ્યક સુવિધાઓ પણ કાપી નાખવામાં આવી રહી છે. ચોમાસામાં સતત વરસાદના કારણે જૂના બાંધકામો વધુ નબળા પડીને ધરાશાયી થવાનું જોખમ રહેતું હોવાથી મનપા દ્વારા આ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે. અધિકારીઓએ મકાન માલિકોને પણ પોતાના જર્જરિત બાંધકામો અંગે જરૂરી તકેદારી રાખવા અને સહયોગ આપવા સૂચના આપી છે.

# જામનગરમાં આજે રણમલ તળાવથી રણજીતનગર સુધીની યોજાશે ત્રિરંગા યાત્રા

## આવતીકાલે શુક્રવારે વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસની થશે ઉજવણી

**સમય સંદેશઃ જામનગર**

સમગ્ર રાજયની સાથે જામનગર જિલ્લામાં 'હર ઘર તિરંગા' અભિયાન તથા 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ'ની ભવ્ય ઉજવણી કરવા સંદર્ભે જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર પી.બી. પંડ્યાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટરે જણાવ્યું હતું કે, જિલ્લામાં તા. ૧૭ ઓગસ્ટ સુધી હર ઘર તિરંગા અભિયાન ચાલશે. આ અભિયાન અંતર્ગત જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા આજે તા. ૧૩ ઓગસ્ટના રોજ સાંજે ૪:૩૦ કલાકે રણમલ તળાવ ગેટ-૧ થી શરૂ થઈ રણજીતનગર સરદાર પટેલ સ્ટેચ્યુ સુધી જઈ પરત ફરશે. આ ઉપરાંત તમામ તાલુકા




તસવીરઃ હિરેન ગાંધી

મથકો અને નગરપાલિકા વિસ્તારોમાં પણ તિરંગા યાત્રા યોજાશે.

તા. ૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન જિલ્લાની શાળાઓ, કોલેજો અને ગ્રામ્ય વિસ્તારોમાં રેલીઓ, વક્તૃત્વ, ચિત્ર અને રંગોળી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. તમામ કાર્યક્રમોમાં વંદે માતરમનું સામુહિક ગાન કરાશે તથા સરકારી કચેરીઓને આકર્ષક રોશનીથી શણગારવામાં આવશે. નાગરિકો તિરંગા સાથે સેલ્ફી લઈ વેબસાઈટ પર અપલોડ કરે તે માટે પણ પ્રોત્સાહિત કરાશે. વધુમાં, ભારતના વિભાજન દરમિયાન લોકોએ સહન કરેલી પીડા અને બલિદાનના સ્મરણ અર્થે તા.

અનુ પાના નં.૨ પર

# જામનગર શહેરમાં સાત રસ્તા સર્કલ પાસે ઓવરબ્રિજ પર ભયાનક અકસ્માતઃ યુવક ગંભીર રીતે ઘવાતાં હાલત નાજુક


તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સાત રસ્તા સર્કલ પાસેથી પસાર થતા ઓવરબ્રિજ ચડતી વેળાએ એક ભયાનક અકસ્માત સર્જાયો હતો, જેમાં એક યુવક ગંભીર રીતે ઘવાયો છે. અકસ્માતના પગલે રસ્તા પરથી પસાર થતા લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને બનાવ અંગે તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાને જાણ કરવામાં આવી હતી.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ઈજાગ્રસ્ત યુવકની હાલત અત્યંત નાજુક હોવાથી તેને સત્વરે સારવાર અર્થે જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે, જ્યાં ડોક્ટરોની ટીમ દ્વારા તેની સારવાર હાથ ધરવામાં આવી રહી છે, જ્યારે ઘટનાની જાણ થતાં પોલીસે પણ સ્થળ પર પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ અંગેની વધુ વિગતો મેળવાઈ રહી છે.

# કેનાલને ઢાંકવાની કામગીરીમાં ભુગર્ભની લાઇન માટે જગ્યા ન છોડાતા ૨૦૦ પરિવારો મુશ્કેલીમાં


તસવીરઃ હિરેન ગાંધી

## પૂર્વ નગરસેવીકા રચનાબેન નંદાણિયાની આગેવાનીમાં કરાયું વિરોધ પ્રદર્શન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના વોર્ડ નંબર-૪ માં આવેલ અંબર ચોકડીથી ભીમવાસ થઈને નદી સુધી જતી વરસાદી કેનાલને ઢાંકવાની કામગીરી દરમિયાન તંત્ર દ્વારા ભૂગર્ભ ગટરની લાઈનો માટે યોગ્ય જગ્યા (માર્જિન) રાખવામાં આવી નથી. આ અણઘડ આયોજનના કારણે વિસ્તારના ૨૦૦થી વધુ ઘરોના રહીશો ભૂગર્ભ ગટરનું કનેક્શન મેળવી શકતા નથી. આ મુદ્દે સ્થાનિક રહીશોમાં ભારે રોષ વ્યાપી ગયો છે અને તંત્રના આ વહીવટ સામે પૂર્વ વિપક્ષી કોર્પોરેટર રચનાબેન નંદાણીયા તેમજ સ્થાનિક મહિલાઓએ બે કલાકના ધરણા યોજી આક્રોશ વ્યક્ત કર્યો હતો.

તંત્રના આડોડાઈ ભર્યા વલણ સામે વિરોધ નોંધાવતા સ્થાનિક મહિલાઓએ બોક્સ કેનાલ ઉપર ગરબા રમીને અનોખી રીતે પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. સ્થાનિકોનો આક્ષેપ છે કે જે તે સમયે કેનાલનું કામ શરૂ થયું ત્યારે ત્રણ ઈજનેરોના કાર્યક્ષેત્રમાં આ કામગીરી

અનુ પાના નં.૨ પર

## રણજીતસાગરનું પાણી રણમલ તળાવ સુધી પહોંચાડતી કેનાલમાં ગંદકીનો જમાવડો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરની પીવાના પાણીની જરૂરીયાત માટે જીવાદોરી સમાન ગણાતા રણજીતસાગર ડેમથી ગ્રેવીટીથી શહેરની મધ્યમા આવેલા રણમલ તળાવ સુધી પાણી લાવતી કેનાલ પ્રિ-મોન્સુન કામગીરી કેવી વેઠ ઉતાર થઇ છે તેની ચાડી ખાય છે. સાધના કોલોની રોડ ઉપર એમઇએસ નજીક ગંદકીના જમાવડાથી કેનાલ ખદબદી રહી છે. વરસાદ મોડો છે છતા મહાનગરપાલિકાનું તંત્ર કેનાલની સફાઇ સારી રીતે હજુ સુધી કરી શક્યું નથી.


તસવીરઃ હિરેન ગાંધી

# જામનગરમાં લગ્નની લાલચ આપી યુવતિ સાથે શરીર સંબંધ બાંધી વીડિયો ઉતારાયોઃ ફરિયાદ

## બે શખ્સો સામે દુષ્કર્મ સહિતની કલમો હેઠળ ગુન્હોઃ આરોપી હાથવેતમાં

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના સિટી સી ડિવિઝન પોલીસ મથક હેઠળના એક વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષિય યુવતી સાથે આરોપી પ્રતીકગીરી દોલતગીરી ગોસ્વામી નામના શખ્સે લગ્ન કરવાની લાલચ આપી મિત્રતા કેળવી હતી. બાદમાં આરોપીએ તેણીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. એટલું જ નહીં, આરોપીએ ફરિયાદીનો અભદ્ર વીડિયો ઉતારી લીધા બાદ આ વીડિયો વાયરલ કરી દેવાની ધમકી આપીને ફરિયાદી ઉપર દબાણ કર્યું હતું. આરોપી પ્રતીકગીરીએ તેના મિત્ર એવા આરોપી અજય બરછા (રહે. જામનગર) સાથે પણ શરીરસંબંધ બાંધવા માટે યુવતીને દબાણ કર્યું હતું.યુવતીને બદનામ કરવાની ધમકી આપી માનસિક દબાણ અને બંને આરોપીઓએ ફરિયાદીની મરજી વિરુદ્ધ આશરે આઠ મહિના સુધી અવારનવાર શરીરસંબંધ બાંધ્યા બાદ ભયભીત યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસે બંને આરોપીઓને હસ્તગત કરી ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરમાં બે સ્થળે જુગારના દરોડામાં મહાનગર પાલિકાના કર્મચારી સહિત ૧૨ શકુની ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં પોલીસે જુગાર સંબંધિત બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને જેએમસીના એક કર્મચારી અને નવ મહિલાઓ સહિત કુલ ૧૨ જુગારીઓને ઝડપી પાડ્યા છે. સિટી સી ડિવિઝન પોલીસની ટીમે શહેરમાંથી ગંજીપાનાનો જુગાર રમતા હીતેષભાઇ મકવાણા (જે.એમ.સી. કર્મચારી), પૃથ્વીરાજસિંહ જાડેજા અને કીશનભાઇ પરમાર નામના ત્રણ શખ્સોને રૂા. ૭,૫૦૦ ની રોકડ રકમ સાથે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જ્યારે બીજા દરોડામાં સિટી એ ડિવિઝન પોલીસે ચોક્કસ બાતમીના આધારે મંગલધામ સોસાયટી વિસ્તારમાં જાહેરમાં તિનપત્તીનો જુગાર રમી રહેલી નવ મહિલાઓને રોકડ રકમ સાથે પકડી પાડી હતી. પકડાયેલી મહિલાઓમાં જનકબા સોઢા, ચંદનબેન ચાન્દ્રા, ગીતાબેન ચાન્દ્રા, રાનીકુમારી ઉર્ફે રીદ્ધીબેન ચોવટીયા, મંજુબેન હરવરા, રમાબેન ગુજરાતી, ભાવનાબેન વશીયર, મનીષાબેન ચાન્દ્રા અને રવિતાબેન પ્રસાદનો સમાવેશ થાય છે. પોલીસે આ મહિલાઓ પાસેથી રૂા. ૧૫,૯૬૦ ની રોકડ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# આરોગ્ય વિભાગની ચાંદીપુરા વાઈરસ અટકાવવા કામગીરીઃ હરિપર PHC હેઠળના ગામોમાં સઘન ડસ્ટિંગ-સર્વેલન્સ





**સમય સંદેશઃ લાલપુર**

લાલપુર તાલુકાના હરિપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) હેઠળ આવતા વિવિધ ગામોમાં ચાંદીપુરા વાઇરસના સંભવિત રોગચાળાને અટકાવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. વાઇરસના ફેલાવાને રોકવા માટે ગામોમાં જંતુનાશક દવાઓનું ડસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે. સાથોસાથ કોઈ પણ શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓ કે કેસોને તાત્કાલિક ઓળખી શકાય તે માટે આરોગ્ય ટીમો દ્વારા ઘરે-ઘરે સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ ઉપરાંત, આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામજનોમાં ચાંદીપુરા વાઇરસ અંગે વ્યાપક જાગૃતિ કેળવાય તે હેતુથી ખાસ ઈઊઈ (માહિતી, શિક્ષણ અને સંચાર) પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશ દ્વારા લોકોને રોગના લક્ષણો અને તેનાથી બચવા માટે રાખવાની થતી જરૂરી સાવચેતીઓ અંગે માહિતી આપવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને રોગચાળાને સંપૂર્ણપણે નિયંત્રણમાં રાખવા માટે તમામ આવશ્યક પગલાં ભરી રહ્યું છે.

# કલ્યાણપુરના સજાના વોરંટના નાસતા ફરતા ત્રણ આરોપીઓને ઝડપી લેવાયા





**સમય સંદેશઃ કલ્યાણપુર**

કલ્યાણપુર તાલુકાના નંદાણા ગામે રહેતા સામત ભોજા મોરી નામના શખ્સને કોર્ટ દ્વારા કરવામાં આવેલો રૂપિયા ૯ લાખનો દંડ ભરવાનો હુકમ તેમજ આ જ ગામના ગોવિંદ વીરજી કણજારીયાને રૂ. ૧૨,૪૧,૯૦૦ નો દંડ ભરવા તેમજ અન્ય એક આરોપી એવા ભાટિયા ગામના જીવા દેવાભાઈ વાઘેલા સામે સજાનું વોરંટ ઇસ્યુ થયેલું હોય. આને અનુલક્ષીને કોર્ટ દ્વારા કરવામાં આવેલા હુકમ સંદર્ભે કલ્યાણપુરના વિસ્તારના ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ કલ્યાણપુરના પી.આઈ. આર એન. હાથલીયા તેમજ પી.એસ.આઈ. કે.પી. ઝાલાની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ઉપરોક્ત ત્રણેય આરોપીઓને ઝડપી લઇ, આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

# ભાણવડ નજીક શિવા ગામેથી ૮૦૦ લિટર દારૂ પકડાયોઃ કારચાલક ઝબ્બે

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન તાલુકાના શીવા ગામે દારૂ ભરેલી કાર આવવાની બાતમી મળતા પોલીસે ત્યાં પહોંચી હતી અને કારનો ફીલ્મી ઢબે પીછો કરી ગામની ગૌશાળા પાસે આંતરી લીધી હતી. બાદમાં કારની અંદર તલાસી લેતા પીવાનો દેશી દારૂ ૮૦૦ લીટર મળી આવ્યો હતો. આમ પોલીસે દારૂ તેમજ મોબાઈલ અને એક એકસયુવી ૫૦૦ નંબરની કાર મળી કુલ રૂા.છ લાખ પાંસઠ હજારનો મુદામાલ કબ્જે કરી કાર ચાલક બુટલેગર કનુ રામા ચાવડા રે.ટીંબડી વાળાની ધરપકડ કરી છે. જયારે શકુર બધા ચાવડા રે.ટીંબડી, અને હરદાન દેસર પીપળીયા રે. પીપળી તા.લાલપુર વાળો નાસી છુટયો હતો. કાર્યવાહીમાં પીઆઈ વી.કે. કોઠીયા, સ્ટાફના કિશોરસિંહ જાડેજા, જીતુભાઈ જામ, જય જાડેજા, નારણભાઈ બેલા યોગરાજસિંહ ઝાલા જોડાયા હતા.



# જામનગરમાં અચાનક તબિયત લથડતાં આધેડનું નિપજ્યું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ખોડિયાર કોલોની ખાતે વેલનાથ કોળીના દંગામાં રહેતા મુકેશભાઈ ખોડુભાઈ ઝીઝુવાડીયા (ઉ.વ.૫૦)ની તા.૯ ઓગસ્ટના રોજ વહેલી સવારે અચાનક તબિયત લથડી હતી. તેઓને ઉલ્ટી તથા ઉબકા થવા લાગતાં પરિવારજનો દ્વારા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબે મુકેશભાઈને તપાસ્યા બાદ મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે તેમના પુત્ર રાજેશ મુકેશભાઈ ઝીઝુવાડીયા દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. જે મામલે સ્થાનિક પોલીસે અકસ્માત મોતની નોંધ કરી સમગ્ર બનાવ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી મોતનું કારણ જાણવાની દિશામાં ઊંડી તપાસ આરંભી છે.

# જામનગર મહાનગરપાલિકામાં ફાયર સિસ્ટમ પાઈપ લીકેજ, આબરૂનું ધોવાણ






જામનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરીના બિલ્ડિંગમાં આવેલી ફાયર સિસ્ટમની લાઈનમાં અચાનક લીકેજ સર્જાયું હતું. આ લીકેજના કારણે મનપા કમ્પાઉન્ડમાં મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયું હતું અને પટાંગણમાં પાણી વહેતું જોવા મળ્યું હતું. બનાવની જાણ થતાં જ મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવવા રિપેરિંગની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી હતી. ફાયર ટીમ દ્વારા રિપેરિંગ કામગીરી દરમિયાન જે સ્થળે લીકેજ થયું હતું ત્યાં ક્ષતિગ્રસ્ત હોસપાઈપ સહિતના જરૂરી સાધનો બદલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તંત્રની સમયસૂચકતા અને ત્વરિત કામગીરીના કારણે લીકેજને ટૂંક સમયમાં જ સરખું કરી દેવામાં આવ્યું હતું. ઉલ્લેખનિય છે કે, આ જ પ્રમાણે જામનગર શહેરના કોઈ પણ વિસ્તારમાં ગમે ત્યારે પાણીની પાઈપ લાઈન લિકેજ થાય છે અને હજારો લિટર પાણી વેડફાય છે!

## ચાર નાયબ મામલતદારોની આંતરીક બદલીઃ ૬ અધિકારીને વધારાનો ચાર્જ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા વહીવટી તંત્રમાં કલેક્ટર પી. બી. પંડ્યા દ્વારા ચાર નાયબ મામલતદારોની આંતરિક બદલી અને છ અધિકારીઓને વધારાનો ચાર્જ સોંપવાના હુકમો કરવામાં આવ્યા હતો.

જામનગર જિલ્લા મહેસૂલ વિભાગમાં બદલી મંજૂર કરાયેલા અધિકારીઓમાં કલેક્ટર કચેરીના અછત નાયબ મામલતદાર ડી. જી. ત્રિવેદીને જામજોધપુર, લાલપુર મામલતદાર (પુરવઠા) વી. આર. લગારીયાને જામનગર કલેક્ટર કચેરી, જામજોધપુર મામલતદાર કચેરીના રવિરાજસિંહ ડી. ઝાલાને જામનગર સ્થિત ગુજરાત રાજ્ય સહકારી અને ગ્રામીણ વિકાસ બેંકના ખાસ વસૂલાત અધિકારી તરીકે તથા લાલપુર મામલતદાર (મહેકમ) વી. ટી. નંદાસણાને લાલપુર કચેરી ખાતે નાયબ મામલતદાર (પુરવઠા) તરીકે મૂકવામાં આવ્યા છે.

આ ઉપરાંત જામનગર ગ્રામ્યના નાયબ મામલતદાર વી. એચ. ગોહીલને સિક્કા નગરપાલિકાના ચીફ ઓફિસરનો વધારાનો ચાર્જ સોંપાયો છે. આ ઉપરાંત, વહીવટી કામગીરીને વેગ આપવા જામનગર ગ્રામ્યના નાયબ મામલતદાર વી. એચ. ગોહીલને સિક્કા નગરપાલિકાના ચીફ ઓફિસરનો વધારાનો ચાર્જ સોંપાયો છે. જ્યારે જોડિયાના નાયબ મામલતદાર આર. બી. બાવરવાને ઠેબા ઘાસ ડેપો (જોડિયા અને ધ્રોલ તાલુકા માટે), લાલપુરના નાયબ મામલતદાર એચ. બી. સોલંકીને ખડખંભાળીયા ઘાસ ડેપો (લાલપુર તાલુકા માટે), જામનગર ગ્રામ્યના નાયબ મામલતદાર ડી. જે. સ્વામીને ઠેબા ઘાસ ડેપો (જામનગર તાલુકા માટે) અને જામજોધપુરના નાયબ મામલતદાર એમ. સી. ટમાલીયાને જામજોધપુર ઘાસ ડેપોનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

## જામનગર મહાનગર પાલિકા દ્વારા આયોજીત યોજાનાર શ્રાવણી મેળા માટે આજે ખુલશે ટેન્ડર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા વર્ષોની પરંપરા મુજબ આગામી તા. ૧ થી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન શહેરના પ્રદર્શન મેદાન ખાતે લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ તંત્ર દ્વારા આયોજિત આ મેળા માટે ફોર્મ વિતરણ અને પરત સ્વીકારવાની કામગીરી તા. ૧ થી ૧૦ સુધી હાથ ધરવામાં આવી હતી. જેમાં રમકડાં, ચિલ્ડ્રન રાઈડ્સ, પોપકોર્ન, હાથ ચકરડી અને ખાણી-પીણીના પ્લોટ્સ માટે કુલ ૧૫૫ ધંધાર્થીઓએ ટેન્ડરો ભર્યા છે. આ તમામ ટેન્ડરો આજે તા. ૧૩મીના રોજ સવારે ૧૧ વાગ્યે મહાનગરપાલિકાના ફાયર વિભાગના હોલમાં ખોલવામાં આવશે.

મહાનગરપાલિકાએ ગત વર્ષની માફક આ વખતે પણ મશીન મનોરંજન (મોટી રાઈડ્સ) અને આઈસ્ક્રીમના પ્લોટો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવ્યા છે, જે આવતીકાલે તા. ૧૪મીને ગુરુવારના રોજ ખોલવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકાના લોકમેળામાં અગાઉના વર્ષોમાં ક્ષેત્રફળ કરતા વધુ જગ્યા વાપરવી, જુદી-જુદી પાર્ટીઓના નામે ટેન્ડર મંજૂર થવા અને બેંક ચેક ન વટાવાયા હોવા જેવા વિવાદો તથા કૌભાંડો પ્રકાશમાં આવ્યા હતા.

બીજી તરફ, તંત્રની વિવિધ કડાકૂટ અને નિયમોથી કંટાળીને આ

અનુ પાના નં.૨ પર

## ૫ દિવસના બેંકિંગની માંગ સાથે UFBU આક્રમકઃ દેશવ્યાપી દેખાવો યોજાયા, ઉગ્ર આંદોલન અને હડતાળની ચેતવણી

**સમય સંદેશઃ જામનગર**

બેંકોમાં અઠવાડિયામાં ૫ દિવસનું કામકાજ લાગુ કરવાની પડતર માંગણીને લઈને યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા આંદોલન તેજ કરવામાં આવ્યું છે. માર્ચ ૨૦૨૪ ના વેતન સુધારણા કરાર દરમિયાન દરરોજ કામકાજના સમયમાં ૪૦ મિનિટનો વધારો કરવા સામે તમામ શનિવારે રજા જાહેર કરવા માટે ઈન્ડિયન બેંક્સ એસોસિએશને સંમતિ આપી હતી. આ ભલામણ છેલ્લા બે વર્ષથી વધુ સમયથી કેન્દ્ર સરકાર પાસે મંજૂરી અર્થે પેન્ડિંગ હોવાથી કર્મચારીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે.

અગાઉ ૨૭ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ દેશવ્યાપી બેંક હડતાલ પાડવા છતાં સરકારે આ વાજબી માંગણી પ્રત્યે કોઈ સકારાત્મક નિર્ણય લીધો નથી. સ્ટાફની ભારે અછત અને કામના અતિશય બોજ વચ્ચે બેંક




કર્મચારીઓ અને અધિકારીઓ તણાવ હેઠળ કામ કરી રહ્યા છે. કેન્દ્ર સરકાર, આરબીઆઈ, એલઆઈસી અને ખાનગી ક્ષેત્રમાં ૫ દિવસનું બેંકિંગ અમલી હોવા છતાં બેંક કર્મચારીઓને વંચિત રાખવામાં આવી રહ્યા છે, જેથી 'વર્ક-લાઈફ-બેલેન્સ' જાળવવા માટે તમામ શનિવારે રજા આપવી અત્યંત જરૂરી બની ગઈ છે. માંગણી પર સખત ભાર મૂકવા માટે યુનિયનના આહ્વાન પર સમગ્ર દેશ સાથે રાજ્યભરમાં બેંક કર્મચારીઓ અને અધિકારીઓએ વિરોધ પ્રદર્શન અને દેખાવો કર્યા હતા. યુનિયનના નેતાઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો સરકાર આ વ્યાજબી માંગણીને નજરઅંદાજ કરવાનું ચાલુ રાખશે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. UFBUના અગ્રણી નેતાઓ ટૂંક સમયમાં બેઠક યોજીને નવી હડતાળના કાર્યક્રમોની જાહેરાત કરશે અને તમામ કર્મચારીઓને આ લડત માટે તૈયાર રહેવા આહ્વાન કર્યું છે.

## ધ્રોલના રાજપરામાં ચાંદીપુરાના ૨ શંકાસ્પદ બાળદર્દી સારવાર હેઠળ

**સમય સંદેશઃ ધ્રોલ**

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચાંદીપુરા રોગના લક્ષણો ધરાવતા બાળ દર્દીઓની સંખ્યા વધી રહી છે. ગઈકાલે મૃત્યુ પામેલા એક બાળ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે. હાલમાં બે દર્દીઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

ધ્રોલ તાલુકાના રાજપરા ગામના એક બાળકને ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો સાથે તા.૭મી જામનગરની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સારવાર દરમિયાન તા. ૧૦મી તેનું મૃત્યુ થયું હતું. આજે આ બાળકનો રિપોર્ટ પોઝિટિવ મળ્યો છે, જેના પગલે તંત્ર દ્વારા આનુસંગિક પગલાં લેવામાં આવી રહ્યા છે. જી.જી. હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કુલ બાર બાળ દર્દીઓને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. તેમાંથી આઠ બાળકોના મૃત્યુ થયા છે અને બે દર્દીઓને રજા આપવામાં આવી છે. હાલમાં બે દર્દીઓ સારવાર હેઠળ છે, જેમાંથી એકનો રિપોર્ટ આવવાનો બાકી હોવાનું જાણવા મળે છે.

## જામનગર મનપાના સોલિડ વેસ્ટ વિભાગ સામે સફાઈ કર્મચારી યુનિયનનો આક્રોશઃ જીઈબીની રેલિંગમાં જીવના જોખમે કામ કરાવવાનો આક્ષેપ

### વોર્ડ નં. ૮ ના જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં અને એફ.આઈ.આર.ની માંગઃ ન્યાય નહીં મળે તો ઉગ્ર આંદોલનની યુનિયને આપી ચીમકી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ શાખાના અધિકારીઓની ઘોર બેદરકારી સામે રાષ્ટ્રીય સફાઈ કર્મચારી મજદૂર યુનિયન દ્વારા ભારે આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. યુનિયનના આક્ષેપ મુજબ વોર્ડ નંબર ૮ માં સફાઈ કર્મચારીઓ પાસે જીઈબી (GEB) ની રેલિંગની અંદર જીવના જોખમે સફાઈ કામગીરી કરાવવામાં આવી રહી છે. ચાલુ પાવરે જો કોઈ અનિચ્છનીય ઘટના કે હોનારત સર્જાય તો તેની જવાબદારી કોની? તેવા સવાલો ઉઠાવીને કર્મચારીઓની સુરક્ષા પ્રત્યે તંત્રની ગંભીર બેદરકારી સામે વિરોધ દર્શાવવામાં આવ્યો છે. આ મુદ્દે યુનિયન દ્વારા




મહાનગરપાલિકાના કમિશનરને પત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી છે કે આ કામગીરી સફાઈ કર્મચારીઓની નિશ્ચિત ફરજોમાં આવતી નથી, છતાં તેમની પાસે જીવના જોખમે કામ કરાવવામાં આવી રહ્યું છે. આથી આ બાબતે તાત્કાલિક યોગ્ય તપાસ હાથ ધરીને જવાબદાર અધિકારીઓ સામે નામજોગ એફ.આઈ.આર. નોંધવામાં આવે અને તેમની સામે કડક સજાત્મક પગલાં લેવામાં આવે જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય. રાષ્ટ્રીય સફાઈ કર્મચારી મજદૂર યુનિયનના ઉપાધ્યક્ષ અમિતભાઈ પરમાર અને શહેર પ્રમુખ મહેશભાઈ બાબરીયાએ તંત્રને સ્પષ્ટ ચીમકી આપી છે

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં યુવા દલિત સમાજ દ્વારા કલેક્ટરને આવેદનપત્રઃ ધર્મના નામે રાજકીય હસ્તક્ષેપ અને પેપર લીક મુદ્દે કડક કાર્યવાહીની માંગ

### ધાર્મિક ટ્રસ્ટોના ઓડિટ, કથિત ગેરરીતિઓની તપાસ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બિન-રાજકીય તથા ન્યાયી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા રજૂઆત




**સમય સંદેશઃ જામનગર**

જામનગરના 'યુવા દલિત સમાજ' દ્વારા જિલ્લા કલેક્ટર મારફતે દેશ અને રાજ્યના બંધારણીય સત્તાધિકારીઓને એક વિસ્તૃત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આ આવેદનપત્રમાં ધર્મના નામે થતા રાજકીય હસ્તક્ષેપ, કથિત બોગસ ધાર્મિક આગેવાનો દ્વારા ધર્મના વ્યાપારીકરણ, વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થતા પેપર લીક તેમજ દમનકારી નીતિઓ અને ભ્રષ્ટાચાર સામે ગંભીર સવાલો ઉઠાવીને તટસ્થ તપાસ તથા કાયદેસરના પગલાં ભરવાની માંગણી કરવામાં આવી છે.

આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, ભારતનું બંધારણ ન્યાય, સમાનતા અને બંધુત્વના મૂલ્યો આપે છે. પરંતુ વર્તમાન સમયમાં કેટલાક કથિત ધર્મગુરુઓ કે સંતો સામાન્ય નાગરિકોના મૂળભૂત પ્રશ્નો, મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને ગુનાખોરી જેવા મુદ્દાઓ પર મૌન સેવીને માત્ર રાજકીય લાભ ખાટવામાં વ્યસ્ત રહે છે. સાથોસાથ અયોધ્યા રામ મંદિર સહિતના ધાર્મિક સ્થળોના નિર્માણ, જમીન ખરીદી, દાનમાં આવેલ સોના-ચાંદીના આભૂષણો તેમજ

અનુ પાના નં.૨ પર

## જામનગરના બેડીબંદર રીંગ રોડ ઉપર સ્કુટરમાં આગ






જામનગરના બેડી બંદર રીંગ રોડ ઉપર આવેલ ભક્તિનગર વિસ્તારમાં એક કારીગર દ્વારા જ્યુપીટર સ્કુટરમાં રીપેરીંગના હેતુસર વેલ્ડીંગ કામ કરવામાં આવી રહ્યું હતું ત્યારે અકસ્માતે આગ લાગી હતી. જો કે, આસપાસના લોકોએ જ સમય સૂચકતા વાપરી આગને બુઝાવી દીધી હતી.

## ખંભાળીયા-ભાણવડમાં ત્રણ સ્થળોએ વિદેશી દારૂ અંગે પોલીસ દ્વારા કાર્યવાહી

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના લલીયા ગામના વાડી વિસ્તારમાં રહેતા ખેરાજ દેવા ધારાણી નામના શખ્સના કબ્જા ભોગવટાની વાડીએ આવેલા રસોડામાંથી પોલીસે રૂ. ૭,૫૧૨ની કિંમતની વિદેશી દારૂની ૧૨ બોટલ તથા રૂ. ૪,૦૦૦ ની કિંમતનો ૨૦ લીટર દેશી દારૂ મળી કુલ રૂ. ૧૧,૫૧૨નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જો કે આ દરોડા દરમ્યાન આરોપી ખેરાજ દેવા ધારાણી પોલીસને હાથ લાગ્યો ન હતો. જે સંદર્ભે ખંભાળિયા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

ખંભાળિયા તાલુકાના દાત્રાણા ગામની સીમમાં હાલ રહેતા અને મૂળ મોટા આસોટા ગામના રહીશ ગોવિંદ ઘેલાભાઈ રાઠોડ નામના ૪૯ દિવસના શખ્સના કબજામાંથી પોલીસે બિયરના ૭ ટીન કબ્જે કરી, ગુનો નોંધ્યો હતો.

ભાણવડ પોલીસની કાર્યવાહીમાં ભાણવડ તાલુકાના ટીંબડી ગામે રહેતા કનુ રામાભાઈ ચાવડા નામના ૩૩ વર્ષના શખ્સ પાસેથી પોલીસે રૂ. ૧,૬૦,૦૦૦ની કિંમતનો ૮૦૦ લીટર દેશી દારૂ તેમજ રૂપિયા પાંચ લાખની કિંમતની મોટરકાર તથા મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૬,૬૫,૦૦૦ના મુદ્દામાલ સાથે આરોપી કનુ રામા ચાવડાની અટકાયત કરી હતી. આ દરોડા પ્રકરણમાં દારૂનો જથ્થો ભરી આપનાર શકુર બધાભાઈ ચાવડા અને દારૂ મંગાવનાર લાલપુર તાલુકાના પીપળી ગામના હરદાન ઉંઠે લાલો દેસરભાઈ ગુજરીયાના નામ

અનુ પાના નં.૨ પર

## ધુતારપુર ગામે તાલુકા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકા કક્ષાની ૮૦ માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ધુતારપુર ગામે યોજાશે. ૮૦ માં સ્વાતંત્ર્ય દિન ની ઉજવણીનો તાલુકા કક્ષાનો ધ્વજવંદન સમારોહ તા. ૧૫ ઓગષ્ટ ૨૦૨૬ શનિવારના રોજ સવારે ૯ કલાકે, સામુદાયિક આરોગ્ય કેન્દ્ર, મુ. ધુતારપર, તા. જામનગર (ગ્રામ્ય) ખાતે નાયબ કલેકટર અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, જામનગર ગ્રામ્ય ના વરદ્ હસ્તે યોજવામાં આવનાર છે. આ પ્રસંગે આપશ્રીને ઉપસ્થિત રહેવા મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, તાલુકા વહીવટી તંત્ર જામનગર ગ્રામ્ય અનુરોધ કરવામાં આવ્યો છે.

## જોડિયા ભૂંગા વિસ્તારમાં ઉછીના પૈસા માંગનાર યુવક ઉપર બે શખ્સો દ્વારા હુમલો

**સમય સંદેશઃ જોડિયા**

જામનગરના જોડીયા ભૂંગા વિસ્તારમાં રહેતા અજીજભાઇ હારુનભાઇ છરેચા (ઉ.વ.૫૨) એ આરોપી આઝાદ અસગર ખત્રી (રહે. પાણાખાણ) એને સાહીલ સબીર સીદી સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર ફરિયાદીના પુત્ર નવાઝ (ઉ.વ.૩૦)ને આઝાદ અસગર ખત્રી પાસેથી રૂપિયા લેવાના હતા. આ દરમિયાન તા.૧૦ ઓગસ્ટના રોજ નવાઝ મહમદશા પીરની દરગાહ, ઢીચડા રોડ ખાતે ગયો હતો ત્યારે આઝાદ ખત્રી તથા સાહીલ સબીર સીદી ત્યાં આવ્યા હતા.

નવાઝે પોતાના રૂપિયા માંગતા આઝાદે તેને ગાળો આપી હતી. આ દરમિયાન મામલો બિચકતા આરોપીએ જમીન પર પડેલી ઝાડની જાડી ડાળથી માથામાં માર માર્યો હતો. નવાઝ નીચે પડી જતાં તેના માથા તથા મોઢા પર પણ ડાળના ઘા માર્યા હતા, જ્યારે સાહીલે તેના પેટમાં લાત મારી હતી. મારામારી દરમિયાન લોકો એકત્ર થતાં નવાઝને છોડાવ્યો હતો અને કોઈએ ૧૦૮ને જાણ કરી હતી. બનાવની જાણ થતાં તેના પિતા અજીજભાઈ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નવાઝને જામનગરની જી.જી. હોસ્પિટલમાં લઈ ગયા હતા.

સારવાર દરમિયાન માથામાં છથી આઠ ટાંકા આવ્યા હોવાનું તથા માથામાં હેમરેજ અને ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજાઓ થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. હાલ નવાઝ આઈ.સી.યુ. વિભાગમાં સારવાર હેઠળ હોવાનું જણાવાયું છે. આ બનાવ અંગે અજીજભાઈની ફરિયાદના આધારે પોલીસે બંને શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com